# ગુજરાત વિધાનસભા સચિવાલય ચૌદમી વિધાનસભા

## સાતમું

## શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૦

## <u>સવારે ૧૦:૦૦વાગ્યે</u>

1.

## <u>પ્રશ્નોત્તરી</u>

**<u>(ક) ટૂંકી મુદતના પ્રશ્નો</u>**

(૧) માનનીય સભ્યશ્રી જગદીશ વિશ્વકર્માનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક-૩૯ “ રાજ્યમાં સૂર્ય ઊર્જાનો વપરાશ કરતા ગ્રાહકો દ્વારા વધારાની ઊર્જા વીજ કંપનીઓને વેચવા બાબત ”

**<u>..... માનનીય ઊર્જા મંત્રીશ્રી</u>**(૨) માનનીય સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક-૪૫ “આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત બેંક લોન બાબત ”

**<u>..... માનનીય સહકાર મંત્રીશ્રી</u>**

2.

## <u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો</u>

(1) (ક) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૭-૧૮ના વર્ષનો ઓડીટ અહેવાલ (સામાન્ય અને સામાજીક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૮-૧૯ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ-૧ અને ભાગ-૨) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ગુજરાત સરકારના સન ૨૦૧૮-૧૯ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૮-૧૯ના વર્ષનો ઓડીટ અહેવાલ (રાજ્યની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૮-૧૯ના વર્ષનો ઓડીટ અહેવાલ (સામાન્ય અને સામાજીક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(છ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૮-૧૯ના વર્ષનો ઓડીટ અહેવાલ (આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(જ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૮-૧૯ના વર્ષનો ઓડીટ અહેવાલ (જાહેર ક્ષેત્રના ઉપક્રમો) (અંગ્રેજી તથા ગુજરાતી)

**<u>.......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ</u>**

(2) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(3) ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(4) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા**

(5) ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય રાજ્યકક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**

(6) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ.જાતિ)ના સન ૨૦૧૫-૧૬ થી સન ૨૦૧૭-૧૮ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો

**......માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(7) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૧૮-૨૦૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(8) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(9) ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશનના સન ૨૦૧૩-૧૪ અને સન ૨૦૧૪-૧૫ના વાર્ષિક અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(10) ગુજરાત જૈવવિવિધતા બોર્ડનો સન ૨૦૧૮-૨૦૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી રમણભાઈ પાટકર**

(11) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(12) ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ ક્લીયરન્સ સેલનું સન ૨૦૨૦-૨૧નું અંદાજપત્રક તથા ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૧૮-૧૯ના વાર્ષિક હિસાબો અને ઓડીટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(13) સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૬-૨૦૧૭ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(14) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના,
(૧) તા.૨૪/૦૨/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીએચયુ-૨૦૨૦-(૨૦)-જીયુવી- ૧૧૨૦૧૦ -૨૮૬૧-ક(પાર્ટ-૨), તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન
(૨) તા.૧૭/૦૮/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીએચયુ-૨૦૨૦-(૫૯)-જીયુવી- ૧૧૨૦૧૦ -૨૮૬૧-ક(પાર્ટ-૨),

**...... માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(15) સન ૨૦૧૬ના અશક્ત વ્યક્તિનો અધિકાર અધિનિયમ અન્વયેના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના, તા. ૦૩/૧૨/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/ એસએચ/૦૮/એપીજી/૧૦૨૦૧૭/૮૮૦૧૩/છ-૧, તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન

**......માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(16) સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના, તા. ૨૪/૦૪/૨૦૨૦ના જાહેરનામાં ક્રમાંક :જીટીએચ/ ૨૦૨૦/૩/પીડીએસ/ ૧૦૨૦૨૦/૧૯૮/ક-૧,

**......માનનીય રાજ્યકક્ષાના નાગરિક પુરવઠા મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**

3.
## **સરકારી વિધેયકો**

(1) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૨૦નું ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન
**.....માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(2) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૨૦નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન
**..... માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ**

(3) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૨૦નું ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન
**..... માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(4) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૨૦નું ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) વિધેયક.

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન
**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(5) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૨૦નું ગુજરાત કાકવી (નિયંત્રણ) (રદ કરવા બાબત) વિધેયક.

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન
**..... ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

4. **છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨):**
**માનનીય સભ્યશ્રી શૈલેષભાઈ ભાભોરનો પ્રસ્તાવ**

ગુજરાત દેશનું સૌથી વધુ ઔદ્યોગિકીકરણ ધરાવતું રાજ્ય છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૧૮.૪ ટકા છે. આ સાથે ગુજરાત દેશની કુલ નિકાસમાં પણ ૨૦ ટકા ભાગીદારી ધરાવે છે. રાજ્યમાં વિદેશી મૂડી રોકાણકારોને રોકાણ કરવા માટે આકર્ષિત કરવા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું આયોજન કરવામાં આવે છે. જેના પરિણામે રાજ્યમાં ખૂબ મોટા પ્રમાણમાં ઔદ્યોગિક ક્ષેત્રે મૂડી રોકાણો થયા છે અને રોજગારીની વિપુલ તકોનું સર્જન થયું છે. રાજ્યમાં સરળતાથી નવા ઉદ્યોગોની સ્થાપના થાય તે માટે નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ દેશ દુનિયાના ઉદ્યોગકારો-રોકાણકારોને ગુજરાતમાં વ્યાપક રોકાણ કરવા માટે આહ્વાન કરેલ છે.

એમ.એસ.એમ.ઇ એકમો માટે ભારત સરકારે જાહેર કરેલ નવી વ્યાખ્યા /ધોરણો રાજ્ય સરકારે સ્વીકાર્યા છે. આવા એકમો માટે કેપીટલ સબસીડી, વ્યાજ સહાય, ક્વોલીટી સર્ટીફીકેશન માટે સહાય, નવી ટેક્નોલોજી મેળવવા માટે

સહાય, પેટન્ટ રજીસ્ટ્રેશન માટે સહાય, એસ.એમ.ઇ. એક્સચેન્જમાં રજીસ્ટ્રેશન માટે સહાય, એસ.એમ.ઇ. એકમોને સર્વિસલાઇન અને પાવર કનેક્શન ખર્ચમાં સહાય, માર્કેટ ડેવલોપમેન્ટ માટે સહાય, એમ.એસ.એમ.ઇ. એવોર્ડ તથા આ એકમોને ભાડામાં, વીજળી અને પાણીના વપરાશની બચત માટે પ્રોત્સાહન, CGTMSE યોજનામાં સહાય આપી પ્રોત્સાહનો પૂરા પાડવામાં આવે છે.

નવી નીતિમાં ૧૫ થ્રસ્ટ સેક્ટરની પરિકલ્પના કરવામાં આવી છે. જેમાં કોર સેક્ટરમાં ઇલેક્ટ્રીકલ મશીનરી અને ઇક્વીપમેન્ટ, ઇન્ડસ્ટ્રીયલ મશીનરી અને ઇક્વીપમેન્ટ, ઓટો અને ઓટોકમ્પોનન્ટ, સિરામીક, ટેકનીકલ ટેક્સટાઇલ્સ, એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ, ફાર્માશ્યુટીકલ અને મેડીકલ ડીવાઇસીસ, જેમ્સ એન્ડ જ્વેલરી, કેમીકલ (સીમીત વિસ્તાર પૂરતું) જેવા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. તે જ રીતે સનરાઇઝ સેક્ટરમાં ઇન્ડસ્ટ્રી ૪.૦ મેન્યુફેક્ચરીંગ, ઇલેક્ટ્રીક વ્હીકલ અને તેના કમ્પોનન્ટ, વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ, ગ્રીન એનર્જી(સોલાર અને વીન્ડ ઇક્વીપમેન્ટ), ઇકો ફ્રેન્ડલી કમ્પોસ્ટેબલ મટીરીયલ(ટ્રેડીશનલ પ્લાસ્ટીકની અવેજીમાં) ૧૦૦% એક્સપોર્ટ ઓરીએન્ટેડ યુનિટ (કોઇપણ સેક્ટરમાં) જેવા ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર ૫૦ વર્ષના લાંબાગાળાની લીઝ ઉપર સરકારી જમીન મેળવવામાં ઉદ્યોગોને સુવિધા પૂરી પાડશે. ઔદ્યોગિક એકમોને જમીનની બજાર કિંમતના ૬% લીઝ રેન્ટ ઉપર આપવામાં આવશે. આવા ઉદ્યોગો બેન્કમાંથી લોન સહાય મેળવી શકે તે માટે જમીન મોર્ગેજ કરવા મંજુરી આપવામાં આવશે.

નોકરીઓ, વિવિધ ક્ષેત્રોમાં વેલ્યુ એડીશન, અત્યાધુનિક ટેક્નોલોજીને અપનાવી ૪.૦ ઇન્ડસ્ટ્રી ઉત્પાદકતામાં વધારો, રીસર્ચ અને ડેવલોપમેન્ટ પર ભાર મૂકીને નવીનતા આધારિત ઇકો સિસ્ટમ જેવી બાબતોને સપોર્ટ કરવા માટે કેન્દ્રીત પ્રયત્નોથી આત્મનિર્ભર ગુજરાત માટે આ નવી નીતિ દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા છે. ગુજરાતની આ ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ને ઉદ્યોગ જગતે સારો પ્રતિસાદ આપી આવકારી છે. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતને સાકાર કરવામાં ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ આગેવાની લેશે. આત્મનિર્ભરતા માટે સક્ષમ ઇકો સિસ્ટમ નિર્માણ કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે, ત્યારે ગુજરાત રાજ્યનો ઔદ્યોગિક વિકાસ તેજ ગતિથી આગળ વધે, આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત નેતૃત્વ લે તે માટે ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦નો વધુ ઝડપી અને અસરકારક અમલીકરણ થાય અને રાજ્યની પ્રગતિ જનસુખાકારી માટે લાભકારક બની રહે તે માટે આ સભાગૃહ ચર્ચા-વિચારણા કરે.

5. <u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો</u>

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવા.

<u>.......સચિવશ્રી, ગુજરાત વિધાનસભા</u>

**ગાંધીનગર-૩૮૨૦૧૦,** **શ્રી ડી. એમ. પટેલ,**

**:23 मार्च 2021 12:10 PM**

******************